# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૪ • સળંગ અંક : ૨૦૭ • તા.૨૮ મે થી ૦૩ જુન ૨૦૨૨



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.





# સમસ્ત મહાજનની મહાસમિતિની કોરોનાકાળ પછીની પ્રથમ ઓફલાઈન મિટીંગ મળી





DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

**નીશિથ આનંદ દંડ**

**જયંત વસનજી છેડા**

**રાજેન્દ્ર મણિલાલ ખોના**

**પ્રવીણ હંસરાજ લોડાયા**

**કીર્તિકુમાર ધનજી ધરમશી**

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


**અમારી વાત...** **સંપાદક સ્થાનેથી**

# દ્રષ્ટિ, ખામી અને ખૂબીઓ જોવાની

દરેક વ્યક્તિના બે પાસા હોય છે. ખરાબ અને સારા જે રીતે એક સિક્કાની બે બાજુ હોય છે. તેવી જ રીતે આ બન્ને પાસાને નજર અંદાજ ન કરવા જોઈએ. એ દરેક પાસાની નોંધ લઈ તેની ખાસિયત પ્રમાણે તેની સાથે વ્યવહાર કે વર્તણુક કરવી જોઈએ. ખરાબ પાસુ હોય એ બધી જ રીતે ખરાબ હોય એવું જરૂરી નથી. બીજી દ્રષ્ટિથી જોઈએ તો એમાં કંઈક સારું પાસું લાધવાનું જ. દરેક વ્યક્તિના સ્વભાવમાં ખામીઓની સાથે ખૂબીઓ હોવાની જ. પણ ખામીઓથી ખૂબીઓ ઢંકાઈ ગઈ હોય કે ખૂબીઓ નીચે ખામીઓ ઢબૂરાયેલી હોય તો તેને જાણવી જોઈએ. તેને ખણ ખોદ કરી બહાર કાઢવી જોઈએ.

ઘણા લોકોની ખાસિયત હોય છે કે સામેવાળાની ખામીઓ જ શોધવાની કે તેની ખામીઓને મોટી બનાવી તેને અન્ય સમક્ષ પ્રગટ કરવી કે તેની વાતોને અન્ય લોકો સમક્ષ જોર શોરથી મૂકવી. આ લોકોના દોષ જોવાનો તેને હાઈલાઈટ કરવાનો આપણો નકારાત્મક તરીકો છે. તો અમુક લોકો સામેવાળાની માત્ર સારી બાબત જોશે. લોકોની માત્ર સારી બાબતો જોવી, તેને ઉજાગર કરવી, અન્યો સમક્ષ મૂકવી એ હકારાત્મક અભિગમ છે જે સારી વાત છે. આ લોકો સૌને પ્રિય હોય છે. માત્ર ખરાબ આદત જોનારા લોકો આપણી ખૂબીઓ નહીં જુએ. શું આવડે છે એના કરતાં શું. નથી આવડતું, ક્યાં ખામી છે, દોષ હક્કીત છે. તેની વિષે ખણ ખોદ કરવી કોઈકનો સ્વભાવ હોય છે અથવા કાયમનું કાળું ચરિત્ર હોય છે. જે બદલી શકવાનો નથી. પણ આપણે એને નજર અંદાજ કરવું જોઈએ. તો જ આપણે પ્રગતિ જાળવી શકીશું. અન્યના બદ ઈરાદા કુટેવ પ્રત્યે ધ્યાન ન આપીએ એમાં જ આપણી ભલાઈ છે.

આપણા સમાજમાં ઘણા લોકો એવા હોય છે. જેમને કાંઈ ફરક ન પડે પણ અમુક નબળા મનના, અવઢવ પ્રકૃતિ ધરાવતા જલદી બીજાની વાતો પર, તેમના દ્વારા રજૂ થતાં બેફામ બણગાં ન ગણકારીએ એમાં જ આપણી કાયમની ભલાઈ છે. સારા વ્યક્તિત્વ ધરાવતા લોકો સામેવાળામાં શું ખૂબીઓ છે, તેનામાં શું આવડત છે, પ્રતિભા ધરાવે છે તેને પ્રોત્સાહિત કરે છે. સારા કામની પ્રશંસા અને ખરાબ કામની અવગણના કરનાર વ્યક્તિ સાધારણ નથી. કારણ કે જે સારું કરે છે તેના વખાણ કરવા સહેલા નથી. હર વખતે લોકોની ખામીઓ ગણી ગણીને શોધી કાઢવાથી સામેવાળાની ખામીઓ ઢંકાઈ જશે. પણ, ખામીઓ શોધનારની બદ આદતો, તેના ખરાબ ઈરાદા જરૂર ખૂલ્લા પડી જશે. જે સારું છે તેની પ્રશંસા કરવાથી તે વ્યક્તિનો ઉત્સાહ વધશે, કાર્યશૈલીમાં ઉછાળો આવશે. એ જરૂરી નથી કે દરેક વ્યક્તિની ખામીઓ શોધવી તેની અધૂરપ જ ખોજવી એ વ્યક્તિમાં કંઈ આવડત નથી તે જોવા કરતાં તેની ખૂબીઓ, ખાસિયતો પ્રત્યે જોઈશું તો સંબંધ પણ સુધરશે અને સ્નેહનો સેતુ પણ નિર્માણ થશે.

– જય જ્ઞાતિમૈયા

# નિવૃત્તિનો સમય




નીશિથ દંડ (સેક્રેટરી જનરલ)

એ વ્યક્તિ સુખી અને સફળ છે જે યોગ્યે સમયે નિવૃત્ત થાય છે. નિવૃત્તિનો અર્થ એ નથી કે કામકાજ છોડી નવરા પડી જવું. આપણે વાત કરીએ છીએ પ્રવૃત્તિમાં નિવૃત્તિ ધારણ કરવાની, વર્ષોથી ટાઈમ નથી, ફૂરસદ નથીનો જાપ જપયા કરી કરીને રંગશિયાળ જિંદગી જીવી રહ્યાં હતા. આ પળોજણ, જંજાળમાંથી મુક્ત થવાની વાત છે. હકીકતમાં તો એ વર્ષોથી જમાવેલી હકૂમત, તેના પર આપણે જમાવેલો અધિકાર છોડવાની વાત છે.

કુટુંબના મોવડી તરીકે નાના મોટા, પુત્ર, પૌત્ર, પત્ની, પુત્રવધૂ ઉપર જોર જુલમશાહી ચલાવી. આપણા વિચાર તેમની ઉપર થોપયા. હવે એને અટકાવી સંતાનોને મોકળાશ આપવાની, સ્વતંત્રતા આપવાની છે. યોગ્ય સમયે સતા પલટો થવો જરૂરી છે. ચાહે પછી એ પરિવાર હોય, સમાજ કે સંસ્થા હોય કે સર્વોચ્ચ સતા સિંહાસન હોય. માણસનો સ્વભાવ જલ્દીથી નિવૃત્તિ સ્વીકારવાનો નથી. જે સતા મળી છે, સામ્રાજ્ય જમાવ્યું છે. તેને સહેજે છોડવાનું જીવ ચાલતો નથી.

સંસ્થા હોય કે પરિવાર જેની પાછળ આપણે ભોગ આપ્યો છે. આટ આટલા વર્ષો સુધી લોહી પાણી એક કર્યા છે. તેને આમ મઝધારે મૂકી દેવાનો જીવ ચાલે નહીં. આ નિર્ણય કપરો તો છે જ. પોતે જો સર્વોચ્ચ પદથી હટી જશે તો કોઈ સંભાળી નહી શકે, કર્યું કાર્યું ધૂળમાં મળાવી દેશે એવી ભય ભરી સમજ નિવૃત્તની આડે આવે છે. એટલે આખરે જ્યાં સુધી થાકે નહીં, હારે નહીં ત્યાં સુધી આ બધું છોડી શકતા નથી. એક ઝાટકે નહીં તો ધીરે ધીરે વ્યવહારના અધિકાર, તેમને આપવા જોઈએ માત્ર માર્ગદર્શન અને દેખરેખ ઉપરછલ્લી આપણી રહેવી જોઈએ. સંતાનો મોટા થાય, સમજણા થઈ ધંધો કે વહીવટ ચલાવવા યોગ્ય કાબેલ થાય ત્યારે કારોબાર તેમને સોંપી દેવો જોઈએ. એવી જ રીતે ઘરમાં વહુ આવે એટલે તેમને પરિવારની રીત ભાતમાં કેળવી ઘરની ચાવી તેને સોંપી દેવી જોઈએ. સહજતાથી અને સમજણથી જો તેમને સતાને વહીવટ સોંપીશું તો વિશ્વાસ એને પ્રેમને લીધે સમજણ અને સૌજન્યશીલ વાતાવરણ સર્જાય છે. જે અધિક મોટો બનાવે છે.

સંતાન એટલે માવતરોનો અરીસો આપણા ગુણ, અવગુણ, ખૂબી ખામીઓ, આવડત અણઆવડત એ બધી ઓછી વધુ એમાં પણ હોવાની તેઓને સાચા બનાવો અને પાકા બનાવો. કોઈપણ નિર્ણય ન્યાયપૂર્વક અને પાકટતાથી લે એ રીતે એમને કેળવો. દરેકના વિચાર, ગતિ અને સ્વભાવ અલગ હોવાના પણ ધીરે ધીરે દુનિયાદારીનો અનુભવ મેળવીને આપ મેળે ઘડાય એવો માહોલ તૈયાર કરો. વેપાર, કુટુંબ, સમાજમાં વડીલોનું યોગદાન બહુ મોટું હોય છે. જેમની મહેનત અને લગનથી મોટી મોટી મહોલાત ખડી થઈ હોય છે. આ સમજ સંતાનોમાં, નવી પેઢીમાં આવે જરૂરી છે. બાકી સમય અને સંજોગોના કારણોસર પરિવર્તન અને બદલાવ આવે છે. આવીને જ રહે છે. એ સનાતન સત્ય છે.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# સમસ્ત મહાજનની મહાસમિતિની કોરોનાકાળ પછીની પ્રથમ ઓફલાઈન મિટીંગ મળી



તા.૨૨ મે રવિવારના સાંજે ૪ કલાકે શ્રી સમસ્ત ક.દ.ઓ.જૈન મહાજનની મહાસમિતિની કોરોનાના ૨ વર્ષ દીર્ઘ સમયના કપરા કાળ પછીની પ્રથમ ઓફ લાઈન મિટીંગ શ્રી વીરજી લધાભાઈ વિદ્યાર્થીગૃહ કામાલેન ઘાટકોપર (વેસ્ટ) મધ્યે મળી. આ મિટીંગમાં કુલ્લ ૫૦ સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં.

મિટીંગની શરૂઆત નવકાર મંત્રના પઠન કરીને થઈ. આ સભાના અધ્યક્ષ સ્થાને મેનેજીંગ ટ્રસ્ટી શ્રી કીર્તિભાઈ ધનજી ધરમશીની વરણી કરાઈ. તેઓ શ્રીએ અધ્યક્ષ સ્થાન ગ્રહણ કર્યું અને સભાની કાર્યવાહી આગળ ચલાવવાની મંજૂરી આપી.

પ્રારંભે કોરોના કાળ દરમ્યાન દિવગંત થયેલ જ્ઞાતિજનોની શાંતિ અર્થે બે મિનિટનું મૌન પાળ્યું.

સેક્રેટરી જનરલ શ્રી નિશીથભાઈ દંડએ સભામાં ઉપસ્થિત દેશ દેશાવર તથા મુંબઈના મહાસમિતિના દરેક સભ્યોનું સ્વાગત કરી તેઓનો આભાર માન્યો હતો. જેઓ કારણવશ હાજર ન રહી શક્યા તેમની અને પાંખી હાજરીની નોંધ લીધી હતી અને અગત્યની મિટીંગમાં હાજર રહેનાર સભ્યોની અનુમોદના કરી હતી.

ત્યાર બાદ સેક્રેટરી જનરલ શ્રી એ ગત સભાની મિનિટસનું વાંચન કર્યું હતું. જેને સભાએ સર્વ સંમતિથી બહાલી આપી હતી.

વધુમાં જણાવ્યું હતું કે સમસ્ત મહાજન પાસે હાલમાં ૮૦ (જી), ૧૨ (એ) તથા સીએસઆર સર્ટિફિકેટ છે. જેથી કરીને જ્ઞાતિને વધુ સારી પારદર્શિતા સાથે હિસાબો આપી શકાશે. જેની સર્વે સભ્યોએ અનુમોદના કરી હતી. દરેક સભ્ય વધુમાં વધુ લોકોને જાણ કરે અને સમસ્ત મહાજનની વિવિધ સમિતિઓની પ્રવૃત્તિને વેગ આપવા વિનંતી કરી હતી. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન કોઈમ્બતુરનો એમના ૮૦ (જી)ના વપરાશ બદલ પણ આભાર વ્યક્ત કરવામાં આવેલ.

સમસ્ત મહાજનની વિવિધ સમિતિઓના ચેરમેનોને બે વર્ષ દરમ્યાન જે તે સમિતિ દ્વારા કરાયેલ કામોની સંક્ષિપ્ત રજૂઆત સભા સમક્ષ કરવા અનુરોધ કર્યો હતો.

દરેક સમિતિના ચેરમેનશ્રીઓ આગામી ૩૦ દિવસમાં થયેલા કાર્યોની વિગત અને આવનાર બે વર્ષમાં ટાઈમ ટેબલ સાથે

# સમસ્ત મહાજનની મહાસમિતિની કોરોનાકાળ પછીની પ્રથમ ઓફલાઈન મિટીંગ મળી



નવું શું કરી શકાય તેનો રિપોર્ટ આપે. નવા સભ્યો નવી વિચારધારા સાથે યુવાનોએ સ્વેચ્છાથી આગળ આવીને જ્ઞાતિ માટે કામ કરવું જોઈએ. બધી જ સમિતિઓમાં નવા મેમ્બરો આવકાર્ય છે.

તે પશ્ચાત આવનારા વર્ષ દરમ્યાન ત્રણ નવા પ્રોજેક્ટ શરૂ કરવાની જાહેરાત કરી હતી.

**૧) બી ટુ બી એપ :** આ એપ જ્ઞાતિનો વ્યાપાર જ્ઞાતિમાં વધારવા અદ્‌ભૂત કામ આપશે. જ્ઞાતિમાં આંતરિક વ્યાપાર વધે તેનો પ્રયાસ છે. જે માટે વધુ વિગત માટે ટ્રસ્ટીશ્રી રાજેશભાઈ મોમાયા મો.નં.૯૮૮૪૧૪૯૪૯૪ પર સંપર્ક કરવો.

**૨) જ્ઞાતિગ્રંથ :** જ્ઞાતિના દરેક મહાજનોનો ઈતિહાસ તેની ગૌરવગાથા દરેક મહાજનના દરેક વિભાગોના અધિકારીશ્રીઓના સરનામા તથા સંપર્ક નંબર જે આવનાર યુવા પેઢી માટે માર્ગદર્શક તરીકે થઈ રહેશે. જેની વિગતો મેળવવા માટે દરેક મહાજનશ્રીઓના પ્રતિનિધિઓને અપીલ કરી હતી અને એકમના સભ્યો એ પણ આમાં મહત્વનો ભાગ ભજવાનો રહેશે વધુ વિગત માટે મેનેજર મનિષ લોડાયા મો.નં.૭૫૦૬૦૭૦૮૫૧ પર સંપર્ક કરવો.

**૩) ટ્રાન્સપોર્ટ સમિટ :** ઓનલાઈન ટ્રાન્સપોર્ટ વ્યાપાર જ્ઞાતિમાં આંતરિક રીતે વધે તેનો પ્રયાસ છે. વધુ વિગતવાર માહિતી માટે મેનેજીંગ ટ્રસ્ટી શ્રી કીર્તિભાઈ ધનજી ધરમશી મો.નં.૯૮૪૪૦૦૪૪૪૫ પર સંપર્ક કરવો.

વિવિધ સમિતિઓ દ્વારા દસ જેટલા સમીટનું આયોજન કરવું. જે સમિતિઓ કાર્યરત નથી તેમાં ચેરમેનોની નિયુક્તિ કરી



# સમસ્ત મહાજનની મહાસમિતિની કોરોનાકાળ પછીની પ્રથમ ઓફલાઈન મિટીંગ મળી



તે સમિતિના કાર્યોને વેગ આપવું એ પણ નક્કી કરાયું.

મિટીંગમાં સેક્રેટરી જનરલશ્રીએ વર્ષ ૨૦૨૦-૨૧ તથા વર્ષ ૨૦૨૧-૨૦૨૨ના હિસાબોની રજૂઆત કરી હતી. જેને સભાએ બહાલી આપી હતી. ટ્રસ્ટ બોર્ડમાં કલકતા વિભાગની ૧ ખાલી પડેલ જગા પર નિમણુંક કરવાની જવાબદારી મેનેજીંગ ટ્રસ્ટી શ્રી ચંદ્રેશભાઈ વીરચંદ છેડાને સોંપાઈ હતી. ટ્રસ્ટીશ્રી નયનભાઈ ભેદા દ્વારા કેડીઓ કનેક્ટ નામનો પ્રોગ્રામ દર બે વર્ષે મુંબઈ ખાતે દાતાશ્રીઓના સથવારે યોજવાનું સૂચન કર્યું હતું. જેથી કરીને જ્ઞાતિજનો એકબીજાની વધુ નજીક આવે અને વિચારોની આપલે કરી જ્ઞાતિલક્ષી કાર્યોને વેગ આપી શકાશે એવું જણાવ્યું હતું

સમસ્ત મહાજનની સ્વતંત્ર ઓફિસ ઓનરશીપ ધોરણે લેવા બાબત મેનેજીંગ ટ્રસ્ટી શ્રી પ્રવીણભાઈ લોડાયા અનંત સિધ્ધિ ભાંડુપ ખાતેના પ્રોજેક્ટમાં ૧ ફ્લેટ કાયમી કાર્યાલય તરીકે ફંડ ભેગું કરીને લેવું જોઈએ એવી રજૂઆત કરી હતી. પહેલાં એટલું કામ ન હતું એટલે જરૂર નહોતી પડી પરંતુ હવે વિવિધ સમિતિઓ દ્વારા જે કાર્યો થઈ રહ્યાં છે તે જોતા સમસ્ત મહાજનનું કાર્યાલય હોવું જરૂરી છે. જે માટે હાજર સભ્યોએ સંમતિ દર્શાવી હતી.

સમસ્ત મહાજનની નવી રાષ્ટ્રીય યુવા કમિટિ માટે હાજર સભ્ય શ્રી હેમિલ દંડ તથા કચ્છના ટ્રસ્ટી કુણાલ ડાઘાના નામનું સૂચન સર્વ સંમતિથી રજૂ કરાયું હતું. વધુમાં વધુ યુવાનો રાષ્ટ્રીય યુવા કમિટીમાં જોડાય તે માટે યુવાઓ ૧૫ દિવસ સુધી સમસ્ત મહાજનના મેનેજર મનિષ લોડાયા મો.નં.૭૫૦૬૦૭૦૮૫૧ પર સંપર્ક કરવા જણાવાયું હતું. પ્રમુખશ્રી દ્વારા અન્ય રજૂઆતમાં વસતીપત્રક સમિતિના ડેટા અપડેટ કરી લઈને તે વસતીપત્રક સમિતિને આપવા એવી રજૂઆત કરાઈ હતી. સભા સમાપન થયા બાદ સભા સ્થળે ચૌવિહારનો લાભ લઈ સૌ સભ્યો મૈત્રીપૂર્ણ માહોલમાં છૂટા પડ્યા હતા.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# પ.પૂ.સાધ્વીશ્રી યશોદયશ્રીજી મ.સા. સંયમ જીવનના શાનદાર સુવર્ણ વર્ષ પૂર્ણ કર્યા



કચ્છ અબડાસાના દરિયાઈ કિનારાના નગર જખૌના માતુશ્રી ધનબાઈ શામજીભાઈ મોમાયા ગુણીયલ પુત્રી મોક્ષ માર્ગે વિચરણ કરવાનો સંકલ્પ લઈ જખૌ નગરમાં અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે વિક્રમ સંવત ૨૦૨૮ના વૈશાખ સુદ ત્રીજ તિથિ દિને દીક્ષા ગ્રહણ કરી ગુરૂ પ.પૂ.સાધ્વીશ્રી મહોદયશ્રીજી મ.સા.ના શિષ્યા થઈ પ.પૂ.સાધ્વીશ્રી યશોદયશ્રી મ.સા. તરીકેની ઓળખ પામ્યા.

વિક્રમ સંવત ૨૦૭૮ના બુધવાર તા.૧૮ મે વૈશાખ વદ ત્રીજ તિથિ દિને સંયમ જીવનના શાનદાર સુવર્ણ વર્ષ ૫૦ વર્ષની દીર્ઘ સફર પૂર્ણ કરી અદ્‌ભૂત એકાવનમા વર્ષમાં પ્રવેશ કર્યો. આ સંયમ સિધ્ધિ શિખર આગળ વધી હીરક પૂર્ણ કરી શતક શિખરે શાનદાર પણે બિરાજે એ ગુરૂ ભક્તોની મંગળ કામના, હૃદયની ભાવના સાથે શત શત વંદના.

## ગિરનાર મહાતીર્થ કન્યા ૯૯ યાત્રામાં સરસ્વતી પૂજન કરી આરાધના કરાઈ





ગિરનાર મહાતીર્થમાં કન્યા ૯૯ યાત્રામાં પ.પૂ.સાધ્વીશ્રી વિપુલગુણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં સરસ્વતી પૂજન વિધિકાર ચિરાગ સંઘોઈના સથવારે થયેલ અતિ ઉત્સાહ ભાવ સાથે ભાવિક શ્રાવક શ્રાવિકાઓ અને ૯૯ યાત્રામાં સહભાગી થયેલ કન્યા યાત્રીઓ આરાધનામાં જોડાઈ ધન્ય ધન્ય થયાં હતા.











# કે.ડી.ઓ.ક્લાસીકનો પ્રોગ્રામ ચેમ્બુર ખાતે યોજાયો



કે.ડી.ઓ. ક્લાસીકનો પ્રોગ્રામ તા.૨૧ મેના ક્લબ એમરલ્ડ, ચેમ્બુરમાં થયેલ. પ્રારંભમાં નવકાર મંત્ર તથા સદ્‌ગત તરૂણભાઈ ધરમશીને શ્રધ્ધાંજલી તથા પૂર્વ પ્રમુખ શ્રીમતી તરલાબેન મણીકાંત ધુલ્લાની પાંચમી પુણ્યતિથિ નિમિત્તે પ્રાર્થના કરવામાં આવેલ.




પ્રમુખ જયંતભાઈ લાપસીયાએ વેલકમ સ્પીચ આપેલ તથા શ્રીમતી મીનલબેન ખોનાને ગર્વનર તરફથી થયેલ સન્માન બદલ જયંતભાઈ લાપસીયા તથા મીનાબેન શાહ તરફથી બુકે અને શાલથી બહુમાન કરવામાં આવેલ.

કલાકાર ઉત્તમભાઈ છેડા દ્વારા મનોરંજનનો પ્રોગ્રામ 'હતાશાથી દૂર, હળવા થવા મળીએ' રજૂ કરવામાં આવેલ. કોરોના કાળ પછી મળેલ આજની સભામાં સૌ મેમ્બરોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો તથા રમત સાથે ગમતની મોજ માણી. સૌએ આનંદથી આજનો પ્રોગ્રામ માણ્યો.

સેક્રેટરી પીનાકીન છેડા આભારવિધિ કરેલ તથા સ્વાદિષ્ટ જમ્યા પછી આજના પ્રોગ્રામની પુર્ણાહુતી થઈ. કેડીઓ ક્લાસીકનો આ વર્ષ સિલ્વર જ્યુબલી વર્ષ છે. નવા યુગલ વય ૪૦-૬૫ને મેમ્બર બનવા આવકાર્ય છે.



# પ.પૂ.ગણિવર્ય શ્રી ધર્મપ્રભસાગરજી મ.સા.નો થાણા સંઘમાં ચાતુર્માસ પ્રવેશ નિર્ધારીત થયો

સાહિત્ય દિવાકર અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના વિનીત શિષ્ય રત્ન દક્ષિણ રત્ન મહાતપસ્વી પ.પૂ.ગણિવર્ય શ્રી ધર્મપ્રભસાગરજી મ.સા. આદિ ઠાણા ૩ શ્રી ગોવર્ધન નગર અચલગચ્છ જૈન ઉપાશ્રય, હંસા સાગર ફ્લેટ નં.૧ એ, ગોવર્ધન નગર, એલ.બી.એસ.માર્ગ, મુલુંડ વેસ્ટમાં બિરાજમાન છે. પૂજ્ય સાહેબનો થાના સંઘમાં ચાતુર્માસ પ્રવેશ તા.૧૯ જૂન રવિવારના રોજ નિર્ધારીત થયેલ છે.

# કચ્છ પરજાઉ નગરના જિનાલયના ધ્વજારોહણ પ્રસંગે ત્રિહાન્હિકા મહોત્સવ ધામધૂમથી સંપન્ન થયો






કચ્છ પ્રદેશના અબડાસા પ્રાંતના પરજાઉ નગરના શ્રી ચંદ્રપ્રભસ્વામી અને શ્રી શીતલનાથ સ્વામીની ધ્વજારોહણ પ્રસંગે ત્રિહાન્હિકા મહોત્સવ તા.૧૦ મે મંગળવારથી તા.૧૨ મે ગુરૂવાર સુધી પ.પૂ.મુનિરાજ શ્રી મુક્તિરત્નજી મ.સા.ની પાવન નિશ્રામાં વિવિધ ધર્મ આરાધનાઓ કરી ઉજવાયો. વૈશાખ સુદ ૧૦ના અઢાર અભિષેક ઉલ્હાસપૂર્વક કરવામાં આવ્યા.

આ દિવસે સૂર્યદર્શન અને ચંદ્રદર્શનનો લાભ સંઘમાતા ધનલક્ષ્મીબેન ચંદ્રકાંત લોડાયા વારાપધ્ધરવાળાએ લીધો. અઢાર અભિષેક બાદ અષ્ટપ્રકારી પૂજાનો લાભ માતુશ્રી ઝમકુબાઈ જવેરચંદ નાગડા હા.દિલીપભાઈ પરિવારે લીધો. ૧૦૮ દિવાની મંગળ આરતી, દિવાનો લાભ માતુશ્રી કસ્તુરીબાઈ પદમશી દંડ પરિવાર હ. કમલેશભાઈ અને શાંતિ કળશનો લાભ માતુશ્રી મધુબેન રજનીકાંત ખોના નલિયા પરિવાર હ. વિપુલભાઈએ લીધો.

વૈશાખ સુદ ૧૧ના મૂળ નાયક શ્રી ચંદ્રપ્રભ સ્વામી જિનાલયની ધ્વજાનો કાર્યક્રમ ભાવથી થયો. આ દિવસે મૂળનાયક શ્રી ચંદ્રપ્રભસ્વામી જિનાલયની ધજાનો લાભ માતુશ્રી મલ્યાબાઈ શરદચંદ્ર દંડ પરિવાર હ. જયેશભાઈએ લીધેલ મૂળ નાયકના જમણી બાજુ શ્રી અનંતનાથજીની ધજાનો લાભ માતુશ્રી ભચીબાઈ ધનજીભાઈ દંડ પરિવાર હ.ગુલાબભાઈ લીધેલ અને ડાબી બાજુના શ્રી શાંતિનાથજીની ધજાનો લાભ માતુશ્રી સોનબાઈ દામજી વિકમશી પરિવાર હ. હરેશભાઈએ લીધેલ. જ્યારે આરતી મંગળ દિવાનો લાભ માતુશ્રી કસ્તુરીબાઈ ઠાકરશી દંડ પરિવાર હ. કમલેશભાઈ અને શાંતિ કળશનો લાભ માતુશ્રી સોનબાઈ દામજી વિકમશી પરિવાર હ. પ્રિયંકભાઈએ લીધેલ.

આ મહોત્સવ પ્રસંગે બંન્ને જિનાલયના રંગ મંડપનું સુશોભન, વિવિધ રંગી સુશોભિત સાચા ફૂલોથી બંન્ને ગર્ભગૃહોનું સુશોભન તથા આકર્ષક નયન રમ્ય આંગી કરાઈ હત તેનો લાભ સ્વદ્રવ્યથી માતુશ્રી રતનબાઈ આણંદજી દંડ લહેરચંદભાઈ પરિવારે લીધેલ.


વૈશાખ સુદ ૧૨ના દિવસે શ્રી શીતલનાથ દાદાની દેવકુલિકાની ધ્વજા મહોત્સવનો કાર્યક્રમ રહેલ. મૂળ નાયક શ્રી શીતલનાથ ધજાનો લાભ માતુશ્રી રતનબાઈ આણંદજી દંડ પરિવાર હસ્તે લહેરચંદભાઈએ લીધેલ. શ્રી શીતલનાથજીની જમણી બાજુના શિખરની ધ્વજાનો લાભ માતુશ્રી ભચીબાઈ ધનજીભાઈ દંડ પરિવાર હ. ગુલાબભાઈ અને ડાબી બાજુના શિખરની ધ્વજાનો લાભ માતુશ્રી કસ્તુરીબાઈ પદમશી દંડ પરિવાર હસ્તે કમલેશભાઈએ લીધેલ. આરતી મંગળ દિવાનો લાભ માતુશ્રી રાજબાઈ પદમશી પટેલ પરિવાર હ. મુકેશભાઈ અને શાંતિ કળશનો લાભ માતુશ્રી નિર્મલાબેન જવેરચંદ દંડ પરિવાર હ. સુપુત્રીઓએ લીધેલ.

શ્રી મૂળ નાયકના જિનાલય રંગમંડપના દ્વાર ઉદ્ઘાટનનો લાભ માતુશ્રી ઝમકુબાઈ જવેરચંદ નાગડા પરિવાર હ. દિલીપભાઈ અને શ્રી ગંભારાના દ્વાર ઉદ્ઘાટનનો લાભ માતુશ્રી ભચીબાઈ ધનજી દંડ પરિવાર હ. ગુલાબભાઈએ લીધેલ.

શ્રી શીતલનાથ દેવ કુલિકાની દ્વારા ઉદ્ઘાટનનો લાભ માતુશ્રી નિર્મલાબેન જવરેચંદ પરિવાર હ. સુપુત્રીઓ એ લીધેલ.

વૈશાખ સુદ ૧૧ ને દિવસે નૂતન પ્રવેશદ્વાર, દિવાલ નૂતન કાર્યાલય, નૂતન મંગળ ગૃહ અને નૂતન કેસર સુખડ રૂમના આદેશ આપવામાં આવેલ. તેમના લાભાર્થી પરિવારો નીચે મુજબ છે. શ્રી નૂતન પ્રવેશ દ્વાર અને દિવાલના

# કચ્છ પરજાઉ નગરના જિનાલયના ધ્વજારોહણ પ્રસંગે ત્રિહાન્હિકા મહોત્સવ ધામધૂમથી સંપન્ન થયો





લાભાર્થી માતુશ્રી હીરાવંતીબેન લહેરચંદ હીરજી મેપાણી પરિવાર હ.નયનભાઈ. નૂતન કાર્યાલયના લાભાર્થી માતુશ્રી વૃંદાબેન દીપકભાઈ હીરાચંદ મેપાણી પરિવાર હસ્તે ડો.હર્ષભાઈ અને મેહુલભાઈ શ્રી નૂતન કેસર સુખડ રૂમ અને શ્રી નૂતન મંગલ ગૃહના લાભાર્થી પરિવાર માતુશ્રી કાંતાબેન ઠાકરશી સોની (વાંકુ) પરિવાર હ. ગુલાબભાઈ અને માતુશ્રી કસ્તુરીબાઈ પદમશી ઠાકરશી દંડ પરિવાર સુપુત્રો હ. કમલેશભાઈ, પરેશભાઈ, રાજેશભાઈ નવા પ્રકલ્પના સહયોગી દાતાઓ ૧) માતુશ્રી મલ્યાબાઈ શરદચંદ દંડ પરિવાર હ. જયેશભાઈ ૨) માતુશ્રી સોનબાઈ દામજી વિકમશી પરિવાર હ. હરેશભાઈ ૩) માતુશ્રી રતનબાઈ આણંદજી દંડ પરિવાર હ. લહેરચંદભાઈ



ત્રણેય દિવસે વિધિ વિધાન સંગીતકાર સુરેશભાઈ સોનાની મંડળીએ કરાવેલ. નૂતન પ્રવેશદ્વાર, દિવાલ, નૂતન કાર્યાલય, નૂતન મંગળ ગૃહ અને નૂતન કેસર સુખડ રૂમના આદેશ વૈશાખ સુદ ૧૧ના દિને આપવામાં આવેલ. આ અવસરે અંદાજે ૬૦ જેટલા ગામવાસીઓ, નિયાણીબેનો અને આમંત્રિત મહેમાનો હાજર રહેલ. લાભાર્થી પરિવારો, સહયોગી દાતાઓ અને ઉપસ્થિત સૌનો શ્રી કચ્છ પરજાઉ જૈન મહાજન ટ્રસ્ટ ફંડના પ્રમુખ ગુલાબભાઈ ધનજીભાઈ દંડ અમદાવાદવાળાએ આભાર માનેલ.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**
**Whats App : 93222 57731**
**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

## શ્રી યવતમાલ સકલ જૈન સંઘમાં ચાતુર્માસિક મંગલ પ્રવેશ પ્રસંગે આમંત્રણ

શ્રી યવતમાલ સકલ જૈન સંઘમાં તા.૧૦ જુલાઈ રવિવારના દિને સવારે ૮.૩૦ કલાકે ચાતુર્માસિક મંગલ પ્રવેશ થશે. સરલ સ્વભાવી પ.પૂ.સા.શ્રી સંયમ ગુણાશ્રીજી મ.સા. મધુરભાષી પ.પૂ.સાધ્વીશ્રી ખંતીગુણાશ્રીજી મ.સા. સાધ્વીરત્ના પ.પૂ.સાધ્વીશ્રી મલ્લિગુણાશ્રીજી મ.સા. સંયમ સાધિકા પ.પૂ.સાધ્વીશ્રી ચૈત્યગુણાશ્રીજી મ.સા.ની ચાતુર્માસિક પાવન નિશ્રા સંઘને પ્રાપ્ત થશે.

પ.પૂ.સાધ્વી વૃંદના મંગલ પ્રવેશની શોભાયાત્રા સવારે ૮.૩૦ વાગે શરૂ થઈ ચાતુર્માસ સ્થાન શ્રી સુમતિનાથ જિનાલય, કેસરિયા ભવન, લક્કાગંજ યવતમાલમાં ભવ્યતાથી પધારશે. ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે તથા ચાતુર્માસમાં આયોજિત સત્સંગ, તપ, સાધના, આરાધના અને પરમાત્મા ભક્તિ આયોજનના પ્રસંગે પધારવા અને સંઘને સેવા અને અનુમોદનાનો લાભ દેવાની વિનમ્ર અનુરોધ શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ અને શ્રી સકલ જૈન શ્રી સંઘ યવતમાલના પદાધિકારી ગણ તરફથી અપાયું છે.

રવિવાર તા.૧૦ જુલાઈના આયંબિલ કરનાર લાભાર્થી ઉચિત વ્યવસ્થા હેતુસર પોતાના નામ સંઘની પેઢી કેસરિયા ભવનમાં તા.૮ જુલાઈ શુક્રવાર સુધી લખાવી લે. પ્રવેશ વિધિ એવં વ્યાખ્યાન પછી ઉપસ્થિત મહાનુભાવોની આયંબિલ અને સાધર્મિક ભક્તિની વ્યવસ્થા કરાઈ છે જેનો સૌ લાભ લે. સંપર્ક વ્યવસ્થાપક ૦૭૭૪૪૮૯૪૭૩૧

---

## સાધકમુનિ મ.સા.ની ૧૮મી દિક્ષા તિથિ, ૨૧ દિવસના તપસ્યાના પારણા અને મૌન સાધનાની પુર્ણાહુતી ચીચબંદર સંઘમાં

ધ્યાનયોગી ગુરૂદેવ ગણિવર્ય શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.ના શિષ્ય અર્હમ ધ્યાન સાધક યુવા પ્રવચનકાર મુનિશ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ની ૧૮મી દિક્ષા, તિથા સાથે ૨૧ દિવસની તપસ્યાનું પારણું અને ૨૧ દિવસની મૌન, સાધનાના પૂર્ણાહુતિનો મંગલ કાર્યક્રમ તા.૩ જૂન શુક્રબવાર સવારે ૭ થી ૯ ચીંચબંદર મહાજનવાડી મુંબઈમાં શાનદાર, જાનદાર તેમજ જોરદાર થશે. સૌને સહપરિવાર પધારી લાભ લે.

---

## ખંડવા નગરે પ્રભુ જગવલ્લભ પાર્શ્વનાથજીની છાયામાં ગુરૂ ભગંવતોના ચાતુર્માસ મંગલ પ્રવેશ પ્રસંગે ભાવસભર નિમંત્રણ

મધ્યપ્રદેશના ખૂબસૂરત ખંડવા નગરના પ્રભુ જગવલ્લભ પાર્શ્વનાથજીની છાયામાં પ.પૂ.સાધ્વીશ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના સુશિષ્યા ખાનદેશ રત્ના પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી હિમાંશુશ્રીજી મ.સા.ના ચાતુર્માસનો અમૂલ્ય અને ધન્ય લાભ ખંડવા સંઘને પ્રાપ્ત થયો છે. ગુરૂ ભગવંતોના ચાતુર્માસ મંગલ પ્રવેશ તા.૬ જુલાઈ બુધવાર સવારે ૧૧ કલાકે નિર્ધારીત થયેલ છે.

આ અવસર પર સવારે ૯ કલાકે પ્રવેશનો વરઘોડો હિરેનભાઈ ગોસરના નિવાસ સ્થાન સંતોષ નગર ખંડવાથી શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ તીર્થધામ ઘંટાઘર ચૌક માટે આરંભ થશે. સૌ ચાતુર્માસિક પ્રવેશમાં પધારી પ્રસંગને ભવ્ય બનાવે અને જિનશાસનની શોભામાં અભિવૃદ્ધિ કરવાનું આમંત્રણ શ્રી ક.દ.ઓ.જૈન મહાજન ખંડવાના ચાતુર્માસ સમિતિ સંરક્ષક હિરેન ગોસર મો.નં.૯૪૨૫૦૮૫૪૨૨, અધ્યક્ષ મનિષ મોમાયા મો.નં.૯૦૩૯૩૮૦૩૦૨ તથા ચાતુર્માસ સમિતિ અધ્યક્ષ ચેતન નાગડા મો.નં.૯૪૨૫૦૮૫૨૦૧ દ્વારા અપાયું છે.

આ પ્રસંગે સવારે ૭.૩૦ થી ૯ નવકારશી માતુશ્રી પ્રમિલાબેન વિશનજી ગોસર પરિવાર તરફથી ૪૯ સંતોષ નગર નિવાસ સ્થાને તથા સ્વામિવાત્સલ્ય બપોરે ૧૨.૩૦ કલાકે શ્રી સંઘ તરફથી અગ્રવાલ ધર્મશાળા ઘંટાઘર સ્થાન ખંડવામાં.

# ગિરનાર મહાતીર્થે ૯૯ યાત્રા દરમ્યાન ઋષિ મંડળ મહાપૂજન ભણાવેલ





ગિરનાર મહાતીર્થની ૯૯ યાત્રા દરમિયાન સંઘપતિ પરિવાર દ્વારા ઋષિ મંડળ મહાપૂજન ભણાવાયેલ. જેનો ૯૯ યાત્રા યાત્રિકો સાથે લાભાર્થી પરિવાર ધર્મભાવ સાથે ઉમળકાભેર આરાધના કરી ધન્ય લાભ લીધો હતો.




# નૂતન દીક્ષિતનું નામ પ.પૂ. સાધ્વીશ્રી નમનકળાશ્રીજી મ.સા. જાહેર થયું

કચ્છના દેઢિયા ગુણ પાર્શ્વનાથ તીર્થ મધે મુમુક્ષુ સુશીલાબેન શિવજી પાસડ છેડાની દીક્ષા પ્રસંગ તા.૨૬ મે ગુરૂવારના સવારે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ની નિશ્રામાં ધામધૂમથી થયો. નૂતન દીક્ષિતનું નામ પ.પૂ. સાધ્વીશ્રી નમનકળાશ્રીજી મ.સા. જાહેર થયેલ. તેઓ પ.પૂ.સાધ્વીશ્રી જ્યોતિકળાશ્રીને મ.સા.ના શિષ્યા થયા.




# Anumodana

## Sanjivani Case- 60 Matushri Premilaben Laxmichand Lodaya , Tera , Dombivli

| | |
|---|---|
| **Uranium Patron** | |
| Shri Anantnathji Jain Temple & it's Sadharan Fund Trust - Mumbai | 10,000.00 |
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust | 10,000.00 |
| **Emerald Patron** | |
| Shri Narendra Shamji Dand, Tera - Mulund | 10,000.00 |
| Matushri (Kasruribai Visanji Dharamshi & Ratanbai Narshi Dharamshi)-Mulund (H: H.D.Fire Protect Pvt Ltd) | 10,000.00 |
| Matushri Vijayaben Shantilal Jethabhai Meisheri , Lala - Mulund (Dubai) H: Tileshbhai & Nileshbhai | 5,000.00 |
| **Lifetime Patron** | |
| Shri Chattisgarh KDO Jain Gnati Mahajan, Raipur | 3,000.00 |
| Shri Dakshin Bharat KDO Jain Ekkam, Bangalore | 5,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Hyderabad | 3,000.00 |
| Shri KDO Jain Samaj, Vadodara | 2,500.00 |
| Matushri Purbai Lakhamshi Lalka Charitable Trust, Kutch | 2,500.00 |
| Shri Kirti Dhanji Dharamshi (M/S. Deluxe Logistics Pvt Ltd.), Bangalore | 2,000.00 |
| Shri KDO Mandal, Dombivli | 2,000.00 |
| Late Shri Kooverjibhai Harshi Lodaya , Rapar - Bhandup | 2,000.00 |
| **Gold Patron** | |
| Matushri Maniben Ramji Lodaya , Nani Khavdi , Sangli | 1,500.00 |
| **Silver Patron** | |
| Matushri Tejbai Lalji Shah (Lodaya) ( H: Arvind Lalji Shah), Varapadhar, Gandhidham | 1,000.00 |
| Shri Dhirendra Anandji Khona Charitable & Memorial Trust, Sandhav, Kutch | 1,000.00 |
| Shri Mahesh Khimji Lalka, Varapadhar, Adipur(Kutch) | 1,000.00 |
| Shri Bharat Mulji Meisheri, Jakhau, Mulund, Mumbai | 1,000.00 |
| Smt. Javerben Kunverji (Ramesh) Mota, Rapargadhvari, Mulund,Mumbai | 1,000.00 |
| **Individual Donations** | |
| Smt. Sheela Bharat Dagha, Mulund | 10,000.00 |
| Smt. Alpa Gautam Dharamshi | 10,000.00 |
| Shri Niranjan Narshi Lodaya | 5,000.00 |
| Shri Kishor Tejpal Ratani, Pune | 5,000.00 |
| Shri Bhavik Laxmichand Chheda | 5,000.00 |
| Ek Sadgrahasth | 3,000.00 |
| Shri Siddharth Lodaya | 3,000.00 |
| Ek Sadgrahasth | 2,000.00 |
| Shri Manish Jayant Shah, Jakhau, Banglore | 2,000.00 |
| Shri Pankaj Laxmichand Dharamshi | 2,000.00 |
| Shri Lalji Velji Lodaya, Varapadhar - Dombivli | 2,000.00 |
| Smt. Sarlaben Lalji Velji Lodaya, Varapadhar - Dombivli | 2,000.00 |
| Shri Rajendra Umarshi Desai ( Lapasia), Raichur | 1,100.00 |
| Shri Hukamchand Javerchand Dharamsey | 1,000.00 |
| Shri Puneelkumar Atulkumar Dand, Tera - Gandhidham | 1,000.00 |
| Shri Hanskumar Laxmichand Chheda | 1,000.00 |
| Shri Ratilal Shamji Momaya | 1,000.00 |
| Shri Manilal Visanji Dharamshi, Banglore | 1,000.00 |
| Shri Pomesh Hirachand Momaya | 500.00 |
| Shri Kamlesh Khushalchand Poladia, Pachora | 500.00 |
| Shri Nitin R. Sayla , Suthri - Dombivli | 500.00 |
| Matushri Pratiksha Somchand Dand, Varadia - Malkapur | 500.00 |
| Shri Mehul Chandrakant Vinjhani ( Hefa ) | 500.00 |
| Shri Chandresh Tokarshi Lodaya | 500.00 |
| Well Wisher | 250.00 |
| Shri Rohit Jivraj Poladia | 200.00 |

**Shree Samast KDO Jain Mahajan**

Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851

**Thank You Donors for your Generosity & Kindness**

# Anumodana

## Sanjivani Case- 61 Mr. Harsh Vinay Shah, Naliya , Dombivli

| Uranium Patron | Amount |
|---|---|
| Shri Anantnathji Jain Temple & it's Sadharan Fund Trust - Mumbai | 15,000 |
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust | 30,000 |
| **Emerald Patron** | |
| Shri Narendra Shamji Dand, Tera - Mulund | 10,000 |
| Matushri (Kasturiben Visanji Dharamshi & Ratanbai Narshi Dharamshi), Suthari- Mulund H:HD Fire Protect Pvt.Ltd | 10,000 |
| **Lifetime Patron** | |
| Shri KDO Jain Gnati Mahajan, Raipur | 5,000 |
| Shri Dakshin Bharat KDO Jain Ekkam, Bangalore | 5,000 |
| Shri KDO Mandal Dombivli | 3,500 |
| Shri KDO Jain Gnati Mahajan, Hyderabad | 3,000 |
| Shri KDO Jain Samaj, Vadodara | 2,500 |
| Late Shri Kooverjibhai Harshi Lodaya , Rapar - Bhandup | 2,000 |
| Shri Kirti Dhanji Dharamshi (M/S. Deluxe Logistics Pvt Ltd.), Bangalore | 2,000 |
| **Individual Donations** | |
| Shri Madhukant R. Nagda, Naliya - Coimbatore | 50,000 |
| Matushri Sumtiben Devshi Bhanji Khona, Cochin - Naliya (H:Shri Shailesh Khona U.S.A) | 20,000 |
| Shri K.D.O.Jain Gnati Mahajan, Naliya | 11,000 |
| Smt. Asha Naresh Soni, Vanku - Ghatkopar | 10,000 |
| Shri Narshi Natha Charity Trust Fund, Naliya - Palitana | 10,000 |
| Shri Motichand Lalji Khona, Naliya - Mulund | 10,000 |
| Shri Heet Turesh Ladhubhai Dand, Suthri - Dombivli | 5,000 |
| Shri Dilip Virchand Khona , Allepey | 5,000 |
| Smt.. Kavita Hemant Dhulla , Dombivli | 5,000 |
| Matushri Jayaben Motilal Lodaya Sahparivar , Moti Khavdi - Ghatkopar | 5,000 |
| Matushri Bayabai Govindji Lodaya Sahparivar, Moti Khavdi - Thane | 5,000 |
| Ek Sadgrahasth | 3,000 |
| Shri Nirmal Laherchand Nagda | 2,500 |
| Smt. Muskan Jayant Mota | 2,500 |
| Well Wisher | 2,000 |
| Shri Vipul Sharadchandra Momaya | 2,000 |
| Shri Niranjan Narshi Lodaya | 2,000 |
| Shri Hukamchand Javerchand Dharamsey | 2,000 |
| Shri Dhirendra Anandji Khona Charitable Memorial Trust, Gandhidham | 2,000 |
| Smt. Smitaben Pankaj Dharamshi, Bangalore | 2,000 |
| Shri Lalji Velji Lodaya, Varapadhar - Dombivli | 2,000 |
| Smt. Sarlaben Lalji Velji Lodaya, Varapadhar - Dombivli | 2,000 |
| Shri Shrikant Bakimchandra Lodaya, Raichur | 1,100 |
| Shri Rajendra Umarshi Desai (Lapasiya), Raichur | 1,100 |
| Smt. Hemal Jay Poladia - Pune | 1,000 |
| Shri Kumar Babubhai Dand , Tera - Bhandup | 1,000 |
| Well Wisher | 500 |
| Shri Pomesh Hirachand Momaya | 500 |
| Shri Nitin R. Sayla , Suthri - Dombivli | 500 |
| Shri Mehul Chandrakant Vinjhani ( Hefa ) | 500 |
| Shri Kamlesh Khushalchand Poladia, Pachora | 500 |
| Shri Chandresh Tokarshi Lodaya | 500 |
| Matushri Pratiksha Somchand Dand, Varadia - Maklapur | 500 |
| Shri Rohit Jivraj Poladia | 250 |
| Well Wisher | 200 |

**Shree Samast KDO Jain Mahajan**

**Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851**

**Thank You Donors for your Generosity & Kindness**

# શ્રી ક.દ.ઓ. જૈન સમસ્ત મહાજનની બીદુબી કમિટીના સહયોગથી નવી પહેલ

કોરાનાના લાંબા કપરા કાળની અસર સૌના ધંધા, રોજગાર પર પડી છે. જેને લીધે અનેક પરિવારોને આર્થિક, સામાજિક અસરો થઈ છે. આ સમસ્યાને ધ્યાનમાં લઈને જ્ઞાતિમૈયા સમસ્ત મહાજનની બીટુબી કમિટીના સહયોગથી વ્યવાસિકોને નોકરી ખાલી છે એ જરૂરત પૂરી કરવા અને યોગ્ય ધરાવતા જ્ઞાતિજનોને નોકરી જોઈએ છે એ માટે તક મળી રહે એ માટે બીડું ઝડપી તક પૂરી પાડશે.

તો આ વિભાગનો લાભ મળી રહે એ માટે આપની જરૂરિયાતની વિગત મોકલશો જે આ વિભાગ અંતર્ગત લિંકમાં એટેચડ કરાશે.

**જેમની કંપનીમાં નોકરી ખાલી છે તે લોકો અહીં કલીક કરીને આ ફોર્મ ભરે**

**નોકરીની જરૂરિયાત વાળા વ્યક્તિ કલીક કરીને આ ફોર્મ ભરે**

# કર્ણાટકના હુબલી નગરના શ્રી અજિતનાથ દાદાના જિનાલયના ૧૧૫મા ધ્વજારોહણ મહોત્સવ પ્રસંગે ભાવ સભર નિમંત્રણ

કર્ણાટક રાજ્યના હુબલી નગરના તીર્થાધિપતિ શ્રી અજીતનાથ દાદા જિનાલયનો ૧૧૫ મો ધ્વજારોહણ મહોત્સવ પ્રસંગે અઢાર અભિષેક સહ વિવિધ ધર્મ આરાધનાઓ તા.૫ જૂન રવિવાર તા.૬ જૂન સોમવારે વિધિકાર કેવલભાઈ સાવલા તથા સંગીતકાર અરવિંદ ગુરૂજી અને સાથી કલાકારોના સથવારે થશે.

આ કાર્યક્રમમાં સકળ સંઘ તથા નિયાણી બહેનોને પધારવા સ્નેહભર્યું આમંત્રણ શ્રી ક.દ.ઓ.જૈન મહાજન હુબલીના પ્રમુખ ભરત બી. ખીમજી સાથે માનદમંત્રી શરદ કે.મોમાયા તરફથી અપાયું છે.

મહોત્સવની રૂપરેખા પ્રમાણે પ્રથમ દિવસ તા.૫ જૂન રવિવારના સવારે ૯ થી ૧૨.૩૦ કલાકે અઢાર અભિષેક, બપોરના ૧ કલાકે માતુશ્રી ઈંદુંબાઈ વિરચંદ નારાણજી કાનજી પરિવાર તરફથી સ્વામી વાત્સલ્ય જમણવાર મેફેર ઓડિટોરિયમ, જયચામરાજ નગર હુબલી મધે રાખવામાં આવેલ છે. સકળ સંઘને નાઠી, ગોઠી, વર-વછાત આમંત્રણ છે અને સાથે હાકલ છે. ટિફિન પ્રથા બંધ છે. સાંજે ૭.૩૦ કલાકે ભક્તિ ભાવના.

દ્વિતીય દિવસ સોમવાર, તા.૬ જૂનના સવારે ૭ કલાકે શ્રી પાટલાપૂજન, સવારે ૭.૧૫ કલાકે શ્રી દશ દિગપાલ આમંત્રણ વિધિ ૭.૪૫ કલાકે સ્નાત્રપૂજા. ત્યારબાદ શ્રી મેઘરાજ મુનિ રચિત સતર ભેદી બૃહદપૂજા મહાજનશ્રી તરફથી ભણાવવામાં આવશે તેમજ પૂજા દરમ્યાન નવ અંગ પૂજાની ઘૃતની તથા ધ્વજારોહણની ઉછામણી બાદ ૧૦.૩૦ કલાકે ધ્વજારોહણ વિધિ કરાવવામાં આવશે. શ્રી સતરભેદી પૂજા પૂર્ણ થયા બાદ દક્ષ દિગપાલ વિસર્જન કરાવવામાં આવશે.

બપોરના ૧૨.૩૦ કલાકે શ્રી મહાજન તરફથી શ્રી સ્વામી વાત્સલ્ય જમણવાર મેફેર ઓડિટોરિયમ જય ચામરાજ નગર હુબલી મધે રાખવામાં આવેલ છે. સકળ શ્રી સંઘને નાઠી, ગોઠી-વર-વછાત આમંત્રણ છે અને સાથે હાકલ પણ છે. ટિફિન પ્રથા બંધ છે. સાંજે ૭.૩૦ કલાકે ભક્તિ ભાવના શ્રી અજિતનાથ દાદા જિનાલયની વર્ષગાંઠ નિમિત્તે મહાજનશ્રી તરફથી શ્રી પ્રભુજીની આંગી ભરાવવામાં આવશે. ભક્તિ ભાવના દરમ્યાન આરતીઓની ઘૃત બોલીઓ બોલાવવામાં આવશે.

શ્રી સંઘ જોગ નિવેદન કે આ કાર્યક્રમ દરમ્યાન આપણા પોતાના તિર્થાધિપતિ શ્રી અજિતનાથ દાદાના સર્વે કાર્યક્રમમાં ઉદારદિલથી જોડાઈ પુણ્યાનુંબંધી પુણ્યનું ઉપાર્જન કરી ઉત્સાહપૂર્વક હાજરી આપી દાદાના આશીર્વાદ લેવા નમ્ર વિનંતી.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**સુરેશ ધરમશી**
તા.૨૨ મે (ઉ.૭૮)
નલિયા-મુંબઈ



**નિરંજના ખોના**
તા.૨૩ મે (ઉ.૭૧)
ગોરખડી-ભાંડુપ



**નરેશ કુરૂવા**
તા.૨૪ મે (ઉ.૬૭)
ગોધરા-મીરા રોડ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

● ઓટોમોબાઈલ વ્યવસાય સાથે સંકળાયેલા ભુજના યુવા અગ્રણી કચ્છ જિલ્લા ભાજપ મહિલા મોરચાના પ્રમુખ ગોદાવરીબેન કે. ઠક્કરના પુત્ર અને વિવિધ સામાજિક અને રાજકીય સંસ્થાઓ સાથે સંકળાયેલા મીત કાંતિલાલ ઠક્કરની નિમણૂંક એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાની સલાહકાર સમિતિમાં કરાઈ છે. ભુજના હવાઈ સફર કરતા યાત્રીઓના વધુ સુવિધા મળી રહે તથા ભુજથી વિમાની સેવાઓ વધારી કચ્છના તથા વિદેશમાં રહેતા કચ્છીઓને તેનો લાભ સ્થાનિકે મળે માટે કરવામાં આવી છે. સૌથી નાની ઉંમરે મળેલી આ નિમણૂંક બદલ સાંસદ વિનોદભાઈ ચાવડા સહિત વિવિધ રાજકીય અગ્રણીઓ જ્ઞાતિ મોડીઓ એ મીત ઠક્કરને શુભેચ્છા આપી હતી.

● નર્મદા જિલ્લાના રાજપીપળાના સેવાકીય ટ્રસ્ટ અન્નપૂર્ણ સેવા ટ્રસ્ટ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ, નિમિત્તે સમગ્ર રાજ્યમાંથી પોતાના ક્ષેત્રમાં અને સમાજમાં અનેરૂં યોગદાન આપનાર મહિલાઓને નારી ગૌરવ રત્ન એવોર્ડ આપી સન્માન કરાયું. રાજ્યભરમાંથી ૩૪ મહિલાઓને સન્માનિત કરાયા જે પૈકી આકાશવાણી ભુજના સમાચાર વાચક, સમાજસેવિકા અને છેલ્લા અઢી દાયકાથી કન્યા કેળવણી માટે કાર્યરત માતૃછાયા કન્યા વિદ્યાલયના શિક્ષિકા જાગૃતીબેન રસિકલાલ વકીલને નારી ગૌરવ રત્ન પ્રદાન કરાયો.

● ડિઝાઈનીંગ ક્ષેત્રે રાષ્ટ્રીય સ્તરે કાર્યરત ક્યુરિયસ કંપની દ્વારા દર વર્ષે આ ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ પ્રતિભા સાથેની કૃતિનું સર્જન કરનારને અપાતા નામાંકિત કયુરિયસ રાષ્ટ્રીય એવોર્ડ માટે ભુજની કુ.અર્પિતા કે.હીરાણીની પસંદગી કરવામાં આવી છે. તેણીને રૂા.૫૦ હજારનું રોકડ ઈનામ અને રેડ એલીફન્ટ ટ્રોફી વડે સન્માનિત કરાશે. વડોદરાની મહારાવ સયાજીરાવ ગાયકવાડ યુનિ. મારફત એટલાઈડ આર્ટનો અભ્યાસ કરનાર અર્પિતા હીરાણી એ દેશમાં વ્યાપેલી કળાઓનો સમન્વય કરીને યુનિફાઈન ઈન્ડિયા થીમ આધારિત તેની બેડીંગ સેટની ઈનામી કુર્તી બનાવી હતી. જેને દેશભરના સ્પર્ધકો વચ્ચે પ્રથમ સ્થાને પસંદ કરવા સાથે તેને રાષ્ટ્રીય એવોર્ડનું સન્માન અપાયું છે.

● ગુજરાતની પ્રથમ ક્ષેત્રની ગણાતી અંજારની નંદીશાળાની ૨૫ ઓગસ્ટ ૨૦૧૯ના સ્થાપના કરાઈ છે. તરછોડાયેલા નંદીઓનો આ નંદી શાળામાં નિભાવ થઈ રહ્યો છે. સંવેદના ગ્રુપ દ્વારા આ નંદી શાળામાં વિશાળ ડોમ હાઉસમાં નંદીઓને રાખવામાં આવ્યા છે. ભાવિકો દ્વારા દરરોજ સફાઈ કરીને ઘાસચારો આપવામાં આવે છે. હાલમાં નાના મોટા ૬૦૦ નંદીઓ આશ્રય લઈ રહ્યાં છે. વાતાવરણ સંગીતમય રહે તે માટે સતત સંગીત પીરસવામાં આવે છે. બીમાર, અશક્ત ગોવંશની તબીબ દ્વારા સારવાર કરાય છે. પરિસરમાં એક નંદી મંદિર બનાવાયું છે. જ્યાં જીવંત નંદીનું સવાર સાંજ પૂજન અર્ચન કરવામાં આવે છે.

● કચ્છમાં પ્રથમ વખત કાળા ઘઉંની ખેતી કરી માંડવી તાલુકાના આસંબિયાના યુવા ખેડૂતે જિલ્લાના ખેડૂતો માટે પ્રેરણારૂપ પહેલ કરી ચાર એકરમાં મોહાલીની નેશનલ એગો પાયોટેક દ્વારા દિક્ષાવેલી ઘઉંની સફળ વાવતેર કર્યું છે. નાના આયંબિયાના નીરજજાની નામના યુવા શિક્ષિત ખેડૂતે કાળા ઘઉંનું બિયારણ ૧૧૦૦ રૂા. કિલોના ભાવથી મંગાવ્યું હતું. અતિ મુશ્કેલ અને કઠિન એવા કાળા ઘઉંની ખેતી સંભવત કચ્છમાં પ્રથમવાર થઈ છે. ખેતી વાડી નિષ્ણાંતોના મત મુજબ કાળા ઘઉં કેન્સર, ડાયાબિટીસ વિગેરે બિમારીમાંથી રક્ષણ આપે છે. આ ઘઉં ખાવાથી ફળફળાદિ ન ખાવ તો પણ તેના પોષક તત્વો ખાનારને મળી રહે છે. તેનું સેવન માનવ આરોગ્ય માટે સર્વશ્રેષ્ઠ છે. એકર દીઠ ૧૦ થી ૧૪ મણ નિપજ થાય. આવક ઓછી ઉપજે પણ તેનો કિલોનો ભાવ ૧૦૦ થી ૧૨૦ સુધીનો મળે. આ ઘઉંને નાબી એમજી નામ અપાયું છે. સામાન્ય ઘઉં કરતા સ્વાદ અને ગુણવત્તામાં અજોડ છે.

# ઉદાર હાથે સહાય કરો
# અને જ્ઞાતિસેવાનો લાભ લો

KDO JAIN GLOBAL CARD

KDO Swaroj
The taste of tradition

KDO BUSINESS

KDO SANJIVANI

KDO दिव्यांग

80G સર્ટિફીકેટ
## C.S.R.
CORPORATE SOCIAL RESPONSIBILITY

स्वाभिमान

AAWAAS

KDO UDAAN

**For NEFT Transfer**

Type of Account : Saving
ccount Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West) Mumbal - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)